ZODIAC Energy Limited
Since 1992

September 01, 2026

To,

BSE Limited
P J Towers,
Dalal Street,
Mumbai – 400 001

National Stock Exchange of India Limited
"Exchange Plaza", Bandra – Kurla Complex,
Bandra East,
Mumbai – 400051

Scrip Code: 543416

Symbol: ZODIAC

Sub: Intimation under Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 - Newspaper Advertisements in respect of 34th Annual General Meeting.

Dear Sir/Madam,

Please find enclosed herewith copy of Newspaper Advertisements published in Free Press Gujarat- (in English) and Lokmitra - (in Gujarati) on September 01, 2026 with respect to 34th Annual General Meeting of the Company.

Kindly take the same on your record and oblige us.

Thanking You,
Yours Faithfully,
For **Zodiac Energy Limited**

DIVYA DHARMENDRABHAI JOSHI
Digitally signed by DIVYA DHARMENDRABHAI JOSHI
Date: 2026.09.01 15:48:39 +05'30'

Divya Joshi
Company Secretary &
Compliance Officer

Place: Ahmedabad
Encl: A/a

The fallacy of human agency and the perils of algorithmic conditioning

We have built an entire civilisation on a comforting assumption: that each of us, as individuals, freely determines our own thoughts, values, and choices. That we are the authors of our own minds. That our decisions are wholly and unmistakably ours.

It is a beautiful idea. It is also, in the strictest sense, incomplete. A person does not begin life as a self-made thinker. A child inherits language, class position, family habits, cultural assumptions, religious background, and ideas about success long before the child has the capacity to question them. School extends that inheritance. Peers reinforce it. Media saturates it. Daily routines harden it. By the time a person begins to call a belief their own, much of the mental architecture has already been installed by forces outside their control. That does not mean agency is an illusion. People still choose. They still judge. They still resist. But agency operates inside conditions that were not selected by the individual. Human freedom is real, but limited, shaped, and unevenly distributed. Artificial Intelligence has entered this already conditioned environment and begun to alter it at scale and speed. The loud concerns around AI diminishing or even replacing human agency are understandable. Yet the argument often misses a deeper point. Human minds have never developed in a vacuum. They have always been formed by institutions, social norms, and inherited systems of belief. The real question is not whether conditioning exists. It always has. The real question is what kind of conditioning AI now produces, and who controls it.

For the first time in history, a technology can do more than distribute information. Writing preserved knowledge. The printing press widened access to it. The internet made vast quantities of it available to nearly everyone. But none of these systems democratised the capacity to reason with information. They expanded access to data, not necessarily access to judgement. AI changes that status quo radically. Used well, it can act as a reasoning companion. It can explain, translate, compare, summarise, test assumptions, and scaffold thought. A first-generation learner in a small town in Odisha or Oaxaca can now ask questions and receive a level of intellectual engagement that once belonged largely to elite classrooms. That is a real shift in the conditions under which thought develops. This is why AI carries such promise. It may become the first technology capable of raising the cognitive floor rather than merely expanding the speed of execution. It can help more people reason, write, learn, and participate in knowledge systems that were earlier closed to them by geography, class, language, or institutional access.

લક્ષ્મી વિલાસ પેલેસના રાજા રવિ વર્મા સ્ટુડિયોમાં 'અષ્ટનાયિકા – ધ એઈટ હિરોઈન્સ' ફિલ્મનું સ્ક્રીનિંગ યોજાયું

પી.આઈ.બી. અમદાવાદ

સાંસ્કૃતિક મંત્રાલય, ભારત સરકાર હેઠળના ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટ્સ (IGNCA), વડોદરા દ્વારા લક્ષ્મી વિલાસ પેલેસ સ્થિત રાજા રવિ વર્મા સ્ટુડિયો ખાતે અષ્ટનાયિકા (ધ એઈટ હિરોઈન્સ) ફિલ્મનું સ્ક્રીનિંગ યોજાયું હતું. તસવીરમાં ડો. દીપક કન્નાલ, ડિરેક્ટર સંસ્કાર દેસાઈ, રાજમાતા શુભાંગિની રાજે ગાયકવાડ, અરૂપા લાહિરી પ્રાદેશિક નિયામક IGNCA, પ્રાદેશિક કેન્દ્ર વડોદરા

આ કાર્યક્રમમાં ભારતીય સૌંદર્યશાસ્ત્રમાં વર્ણવ્યા અનુસાર નાયિકાની આઠ ભાવનાત્મક અને મનોવૈજ્ઞાનિક અસરો એટલે કે 'અષ્ટનાયિકા'ના ગહન વિષયને આવરી લેવામાં આવ્યો હતો. જેણે ભારતીય કલાત્મક પરંપરાઓમાં લાગણીઓ, સંબંધો અને સ્ત્રી સહજ અનુભવો પર એક સૂઝબૂઝ ભરી દ્રષ્ટિ પ્રદાન કરી હતી. આ પ્રસંગે રાજમાતા શુભાંગિનીરાજે ગાયકવાડ અને અંજના રાજેની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ડો. દીપક કન્નાલ દ્વારા આ વિષય પર વિશેષ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું, જેણે શ્રોતાઓને અષ્ટનાયિકા પરંપરાના સૌંદર્યલક્ષી અને સાંસ્કૃતિક મહત્વ વિશે ઊંડી સમજ આપી હતી.

અષ્ટનાયિકા-ધ એઈટ હિરોઈન્સ ડોક્યુમેન્ટરીનું નિર્દેશન શ્રી સંસ્કાર દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું અને તેનું નિર્માણ IGNCA, સાંસ્કૃતિક મંત્રાલય, ભારત સરકાર, પ્રાદેશિક કેન્દ્ર, વડોદરા દ્વારા કરવામાં આવ્યું હતું. ફિલ્મ સ્ક્રીનિંગ, વ્યાખ્યાન અને મહાનુભાવોની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિએ આયોજનને ભારતીય સૌંદર્યશાસ્ત્રના સમૃદ્ધ વારસાના જ્ઞાન, ચિંતન અને સાર્થક વિચારોથી ભરી દીધું હતું. અનેક અગ્રણીઓ અને અતિથિઓની ઉપસ્થિતિએ આ કાર્યક્રમની શોભામાં ઉમેરો કર્યો હતો. IGNCAના પ્રાદેશિક નિયામક કુમારી અરૂપા લાહિરીએ આભાર વિધિ પ્રસ્તુત કરી હતી અને કાર્યક્રમને સાર્થક તથા સમૃદ્ધ બનાવવા બદલ તમામ મહાનુભાવો, વક્તાઓ, સહભાગીઓ અને શ્રોતાઓનો આભાર માન્યો હતો. આ સ્ક્રીનિંગમાં કલા ઈતિહાસકાર ડો. રીટા સોઢા, કથક ગુરુ ડો. મંજરી પટવર્ધન, ભરતનાટ્યમ ગુરુ અને એમ.એસ. યુનિવર્સિટીના અધ્યાપક ડો. સ્મૃતિ વાઘેલા, જાણીતા એનિમેટર અને ફિલ્મ નિર્માતા ધ્વનિ દેસાઈ, જાણીતા મૂર્તિકાર કૃષ્ણા પડિયા તથા અન્ય અનેક કલાકારો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાકૃતિક ખેતીથી સમૃદ્ધિ તરફ: હળવદના કણજારીયા રણછોડભાઈ બન્યા પ્રાકૃતિક ખેતીના પ્રેરણાસ્ત્રોત

જામફળ, સફરજન, દાડમ, ખારેક, હળદરની પ્રાકૃતિક ખેતીમાં ઘન જીવામૃતનો ઉપયોગ

મોરબી

હળવદ તાલુકાના નવા ઇસનપુર ગામના પ્રગતિશીલ ખેડૂત કણજારીયા રણછોડભાઈ બાબી છેલ્લા છ વર્ષથી પ્રાકૃતિક ખેતી અપનાવી પરંપરાગત ખેતીમાં નવી દિશા અને નવી સંભાવનાઓ ઊભી કરી રહ્યા છે. તેમના 'શ્રીજી ફાર્મ' ખાતે પ્રાકૃતિક પદ્ધતિથી મિશ્ર પાકની ખેતી ઉપરાંત વિવિધ પ્રકારના ફળોની પણ સફળ ખેતી કરવામાં આવી રહી છે.

રણછોડભાઈ પોતાના ખેતરમાં જામફળ, સફરજન, દાડમ સહિતના વિવિધ ફળોની ખેતી કરે છે. તેમના ફાર્મમાં આશરે ૧૦ વીઘા વિસ્તારમાં ખારેકની ખેતી કરવામાં આવે છે, જેમાં છેલ્લા ત્રણ વર્ષથી સારા પ્રમાણમાં ઉત્પાદન મળી રહ્યું છે. ખારેક સહિતની પ્રાકૃતિક ખેતીમાં તેઓ જીવામૃત અને ઘન જીવામૃતનો ભરપૂર ઉપયોગ કરે છે.

'શ્રીજી ફાર્મ'ની વિશેષતા માત્ર પાક ઉત્પાદન પૂરતી સીમિત નથી. રણછોડભાઈ દ્વારા ખેતરમાં ઉત્પાદિત હળદરનું પ્રોસેસિંગ અને મૂલ્યવર્ધન પણ પોતાની રીતે કરવામાં આવે છે. મૂલ્યવર્ધિત હળદરનું ઓનલાઈન વેચાણ કરી તેઓ ખેતીમાંથી વધુ આવક મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ઉપરાંત તેઓ તુવેરદાળનું પણ મૂલ્યવર્ધન કરે છે.

ખેતીને વધુ સુદ્રઢ બનાવવા માટે જરૂરી સાધનોની ખરીદી તથા રૂ. ૧ લાખની સહાય બાગાયતી શાખા તરફથી પ્રાપ્ત થઈ છે, જેના થકી તેમની ખેતીની કામગીરીને વધુ વેગ મળ્યો છે. રણછોડભાઈ માટે પ્રાકૃતિક ખેતી માત્ર ખેતીની પદ્ધતિ નથી, પરંતુ જીવનશૈલીનો પણ એક ભાગ છે. તેઓ પોતાના રોજિંદા જીવનમાં વધુમાં વધુ પ્રાકૃતિક ખોરાકનો ઉપયોગ કરે છે અને અન્ય લોકોને પણ પ્રાકૃતિક ખેતી તથા પ્રાકૃતિક ખોરાક અપનાવવા માટે સતત પ્રોત્સાહિત કરે છે.

પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે તેમના અનુભવ અને જ્ઞાનને કારણે રણછોડભાઈ માસ્ટર ટ્રેનર તરીકે પણ કાર્યરત છે. તેઓ આજુબાજુના ગામડાઓમાં જઈને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ અને માર્ગદર્શન આપે છે. જીવામૃત, ઘન જીવામૃત, મિશ્ર પાક, મૂલ્યવર્ધન સહિતના વિવિધ વિષયો અંગે ખેડૂતોને પ્રાયોગિક માહિતી આપી વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે તેઓ પ્રયત્નશીલ છે. આ રીતે કણજારીયા રણછોડભાઈ બાબી પ્રાકૃતિક ખેતી, પાક વૈવિધ્યકરણ, મૂલ્યવર્ધન અને ખેડૂતોના માર્ગદર્શનના માધ્યમથી 'ખેતી સાથે આવક અને આરોગ્ય બંને'નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે સરકારશ્રી દ્વારા મળતી સહાય અને માર્ગદર્શન બદલ કણજારીયા રણછોડભાઈએ સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો છે.